# જાહેર જનતાની જાણ સારૂં

અમદાવાદ શહેરમાં વર્તમાન સમયમાં વાહનોની સંખ્યા વધતાં ટ્રાફિકની તેમજ પાર્કીંગની સમસ્યા વધવા પામેલ છે. વાહનચાલકો તેઓના વાહનો મનઘટીત રીતે જાહેર રસ્તાઓ ઉપર પાર્ક કરતાં હોય છે. જેનો સામનો આમ જનતા અને રાહદારીઓને કરવો પડતો હોય છે. નાગરીકોને તેઓના રોજિંદા જીવનમાં જાહેર રસ્તાઓ ઉપર આ સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે અમદાવાદ શહેર ટ્રાફિક શાખા દ્વારા આવતીકાલ તા.૨૫/૦૨/૨૦૧૬ ના રોજ થી અત્યાધુનિક સ્ટીલ્થ ટ્રો ટ્રક પાંચ (૫) કાર્યરત થનાર છે. જે શહેરમાં ગેરકાયદેસર વાહન પાર્કીંગ જ્યાં ધ્યાન ઉપર આવશે તે જગ્યાએથી આ સ્ટીલ્થ ટ્રો ટ્રક દ્રારા વાહનો ટો કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને  આ સ્ટીલ્થ ટો ટ્રક અત્યાધુનિક વીથ સી.સી.ટી.વી. કેમેરા અને મેગા ફોન સાથેની હોય કાયદાનો ભંગ કરનાર અને કામગીરી દરમ્યાન પોલીસ સાથે દુર્વ્યહાર કરનારનું રેકોડીંગ કરી શકે છે.

જે બાબતે નાગરીકોને જણાવવામાં આવે છે કે તેઓ પોતાના વાહનો નિયત કરેલ પાર્કીંગની જગ્યાએ જ પાર્ક કરે અન્યથા ગેરકાયદેસર/અડચણરૂપ પાર્ક કરેલા વાહનો શહેરમાં જણાઈ આવ્યેથી આ સ્ટીલ્થ ટો ટ્રક દ્રારા ટોઈંગ કરવામાં આવશે. જે જાહેર જનતાની જાણ સારૂં.

(સુભાષ ત્રિવેદી)
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફિક, અમદાવાદ શહેર